**મે. રાણાવાવના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ ની અદાલતમાં,**
**મું.રાણાવાવ.**

**ફોજદારી કેસ નંબર : ૩૯૦/૨૦૨૬**
**આંક:૦૭.**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : **બીપીન કરશનભાઈ શીંગરખીયા**
રહે.આદીત્યાણા ગામ, ડંકીવાસ,
તા.રાણાવાવ, જી.પોરબંદર.

| | | |
|---|---|---|
| ગુનો | : | **ધી ગુજરાત પ્રોહી. એકટ કલમ–૬૬ (૧) બી, ૮૫ મુજબ.** |

**-:: ઠ રા વ ::-**

**(૧).** આ કામના આરોપી સામે પ્રોહીબીશન એકટની **કલમ–૬૬ (૧) (બી),૮૫** ની ફરીયાદ દાખલ થતા આરોપી સામે પુરતો પુરાવો આવતા ચાર્જશીટ કરેલ છે.

**(૨).** આ કામે આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે આરોપી વિરૂઘ્ધ તહોમતનામુ ફરમાવેલ અને પ્લીમાં ગુનો કબુલ કરી, આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત પુરશીશ આપી ગુનો કબુલ હોવાનું જણાવતાં આરોપીની સ્વૈચ્છિક કબુલાત સ્વીકારવામાં આવી. આરોપી ગુના કબુલાતમાં જણાવે છે કે, તેઓ ખુબ જ ગરીબ વર્ગના માણસ છે, તેઓ બાળ બચ્ચા વાળા હોય તેઓના કુટુંબનો આધાર તેમના ઉપર છે અને સઘળી હકીકતો ધ્યાને લઈ દયાની માગણી કરેલ છે અને ખુબજ હળવી સજા કરવા આજીજી કરેલ છે.

**(૩).** આરોપીની રજુઆત લક્ષમાં લેતાં, તેમજ **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯</u>** ઉપર પ્રસિઘ્ધ થયેલ

નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, તેમજ કેસનાં સંજોગો ધ્યાને લેતાં, જો પુરતા કારણો જણાય તો, અદાલત ન્યુનતમ સજા કરતાં ઓછી સજા પણ કરી શકે છે. આમ, ઉપરોકત સંજોગો, ચુકાદો અને આરોપીની કબુલાત ધ્યાને લેતાં આરોપીને ભારે કોઈ સજા નહીં કરતાં હળવું વલણ દાખવવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેવું અત્રેની કોર્ટનું માનવું હોય આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૧).** આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૬૪ અન્વયે **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧) બી, ૮૫** મુજબના ગુનાના ભંગ બદલ તકસીરવાન ઠરાવી **રૂા.૩૦૦/- (અંકે રૂપીયા ત્રણ સો પુરા)** દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજની નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગસ ઓફ મેજીસ્ટ્રેટમાં સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૧-૦૭-૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

**(નારાયણ લાલ શર્મા)**
(UIC No. GJ 01439)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાણાવાવ.